# આપનો અભિપ્રાય જણાવો

# આગળ વાંચો...

## તે કઈ રીતે કામ કરે છે

### પગલું 1

આપની અને આપની સ્થિતિ વિશે હું જે પહેલેથી જાણું છું તેના વિશે મેં એક પત્ર આ સાથે મોકલ્યો છે. હું મારો નિર્ણય કઈ રીતે લઈશ તે મેં સમજાવ્યું છે અને મેં આપને થોડા પ્રશ્નો પૂછ્યા હોઈ શકે છે.

### પગલું 2

હવે આપે આ પત્રનો જવાબ આપવો જોઈએ. આપના વિશે મારી પાસે જે માહિતી છે તે સાચી છે કે કેમ તે મને કહો. આપના મતે મારે જાણવું જોઈએ તેવી કોઈપણ બાબત વિશે મને કહો અને કોઈપણ પ્રશ્નોના જવાબો આપો. સાચો નિર્ણય લેવા માટે મારી પાસે બધી માહિતી છે તે સુનિશ્ચિત કરવા માટે આ આપની તક હોવાથી આ બાબત અગત્યની છે.

### પગલું 3

જ્યારે મને આપનો જવાબ મળશે ત્યારે હું મારો નિર્ણય લઈશ સિવાય કે મારે વધુ માહિતીની જરૂર હોય. જો આપ જવાબ ન આપો તો મારી પાસે પહેલેથી હોય તેવી માહિતીનો ઉપયોગ કરીને હું મારો નિર્ણય લઈ શકું છું. હું આપને લેખિત નિર્ણય અને જૉબસેન્ટર પ્લસને તેની એક નકલ મોકલીશ.

irs
Independent Review Service
for the Social Fund

## તેમાં કેટલો સમય લાગે છે

આપ જેટલો જલ્દી જવાબ આપશો હું તેટલો જલ્દી મારો નિર્ણય લઈ શકીશ. આ સામાન્ય રીતે આપના જવાબના એક અઠવાડિયાની અંદર થશે.

## જો આપને કોઈપણ પ્રશ્નો હોય તો

અમે મદદ કરવા માટે અમારો શ્રેષ્ઠ પ્રયત્ન કરીશું. સવારે 9.00 વાગ્યા અને સાંજે 4.30 વાગ્યાની વચ્ચે સોમવારથી શુક્રવારની વચ્ચે અમને **0800 096 1926** પર ફોન કરો. આપ સીધા એવી વ્યક્તિ સાથે વાત કરી શકશો જે મદદ કરી શકે છે. લેન્ડલાઈનથી આપનો કૉલ મફત પડશે. જો આપ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હો તો અમે આપને કૉલ કરીશું.

## જવાબ કઈ રીતે આપવો

સવારે 9.00 વાગ્યા અને સાંજે 4.30 વાગ્યાની વચ્ચે સોમવારથી શુક્રવારની વચ્ચે આપ અમને **0800 096 1926** પર ફોનથી જવાબ આપી શકો છો. લેન્ડલાઈનથી આપનો કૉલ મફત પડશે. જો આપ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હો તો અમે આપને કૉલ કરીશું. આપ સામાન્ય રીતે સીધા કોઈ વ્યક્તિ સાથે વાત કરી શકો છો આ જવાબ આપવાનો ઝડપી રસ્તો છે. અમે આપનો જવાબ લખી લઈશું અને આપને વાંચી સંભળાવીશું. આપે નિર્ણય અંગે શું કહ્યું છે તેની નકલ અમે આપને મોકલીશું.

આપ લેખિતમાં જવાબ આપી શકો છો, **અમે આપને મોકલેલા જવાબના ફૉર્મનો અને પરબિડીયાનો ઉપયોગ કરી શકો છો**

જો આપને અમારી સાથે અન્ય ભાષામાં વાત કરવાની કે અમને પત્ર લખવાની જરૂર પડે તો અમે તેની વ્યવસ્થા કરી શકીએ છીએ. **0800 096 1926** પર અમને ફોન કરો અને અમે આ અંગે આપની સાથે ચર્ચા કરીશું.

## જો આપને દ્રષ્ટિની કે સાંભળવાની સમસ્યાઓ હોય તો

જો આપને દ્રષ્ટિગત નબળાઈ હોય અને બ્રેઈલ કે મોટા અક્ષરોમાં અમારા પત્રો જોઈતા હોય તો કૃપા કરીને **0800 096 1926** પર અમને કૉલ કરો.

જો આપ બધિર હો અથવા સાંભળવામાં મુશ્કેલી પડતી હોય અને ટેક્ષ્ટ ફોનની સગવડ ધરાવતા હો તો આપ **0800 096 1929** પર અમને કૉલ કરી શકો છો.

## જો આપને કોઈ ફરિયાદ હોય તો

જો આપને અમારી સેવાના કોઈપણ પાસાથી સંતોષ ન થયો હોય તો કૃપા કરીને અમારો સંપર્ક કરો. આપ **0800 096 1928** પર મફત ફોન કરી શકો છો અથવા Independent Review Service, Freepost પર અમને પત્ર લખી શકો છો.

આપ અમને જે માહિતી આપો છો તેનો અમે કઈ રીતે ઉપયોગ કરીએ છીએ તે અમારી ગુપ્તતાની નીતિ સમજાવે છે. તે વિનંતી કરવાથી અથવા www.irs-review.org.uk ખાતે અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.